# Hemchandracharya North Gujarat University,Patan

## CCC રજીસ્ટ્રેશન ફોર્મના વેરીફીકેશન માટે અગત્યની સૂચનાઓ

- **રાજય સરકારશ્રીના આદેશાનુસાર સરકારશ્રીના કર્મચારી મિત્રોની ટોકન ફી લઈ "CCC- EXAM" ના રજીસ્ટ્રેશનથી પરીક્ષાના પરિણામ સુધીના તમામ પ્રક્રિયા આ યુનિવર્સિટી ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. રાજય સરકારશ્રી કે યુનિવર્સિટી ધ્વારા વધારાના કોઈજ પ્રકારના કાયમી મહેકમની વ્યવસ્થા કરવામાં આવેલ ન હોઈ દરેક કર્મચારી મિત્રોએ યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવામાં આવેલ માહિતી Authentic માની Updated માહિતી પ્રમાણે અનુસરવાનું રહેશે.વખતો વખત સૂચનાઓ વેબસાઈટ પર મૂકવામાં આવશે જેથી દરેક કર્મચારીમિત્રોએ વેબસાઈટ અવાર નવાર જોતા રહેવાની ખાસ સૂચના આપવામાં આવે છે.**

- રાજય સરકારશ્રીના કર્મચારીએ "CCC- EXAM" માટે પોતાના લોગીન આઈડી ધ્વારા પોતાની તમામ વિગતો (Personal Information) પોતાના ધ્વારા રજીસ્ટ્રશન ફોર્મમાં ભરવાની રહેશે. જો સદર ફોર્મમાં કોઈપણ પ્રકારની ભૂલ જણાયતો લોગીન આઈડીથી પોતાના ધ્વારા તે પોતેજ સુધારી શકશે તેવી વ્યવસ્થા છે તેથી વેરીફીકેશન સમયે રજીસ્ટ્રશન ફોર્મમાં રહેલ કોઈપણ પ્રકારની ભૂલ તમારી પર્સનલ માહિતી હોવાના કારણે અત્રેથી સુધારી શકાય તેમ ન હોવાથી ઉમેદવારે રજીસ્ટ્રશન ફોર્મમાં ભૂલ હોય તો ઉમેદવારે પોતાના લોગીનમાં યુઝર આઈડી અને પાસવર્ડથી લોગીન થઈને ભૂલ જાતે સુધારીને તે ફોર્મની પ્રિન્ટ આઉટ માં સંસ્થાના ફરીથી સહિ સીકકા કરવવાની પ્રોસેસ કરવી પડે અને ફરીથી વેરીફીકેશન માટે અત્રેની ઓફીસ ખાતે આવવાનું રહે જેથી દૂરથી આવનાર ઉમેદવાર તફલીફ પડે સાથે સમયનો પણ વ્યય થાય **<u>તેથી રજીસ્ટ્રશન ફોર્મ રૂબરૂ સ્વીકારવામાં આવનાર નથી.</u> <u>જેથી ઉમેદવારે પોતાનું ફોર્મ સ્પીડ પોસ્ટ ધ્વારા જ મોકલવાનું રહેશે.</u>**

**૧. ઉમેદવારે પોતાનું રજીસ્ટ્રશન ફોર્મ સ્પીડ પોસ્ટમાં મોકલતા પહેલા નોચેની બાબતો ધ્યાનમાં રાખવી.**

i. ઉમેદવારે સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલતા પહેલા ખાસ એકવાર ફરીથી ફોર્મમાં ભરેલ તમામ વિગતોમાં ( Spelling mistake ) ચકાસી લેવી . જેવીકે નામ, હોદ્દો, સંસ્થાની વિગતો , જન્મ તારીખ, મોબાઈલ નંબર તમામ વિગતો વગેરે........

ii. ભરેલ Payment ની સંપૂર્ણ માહિતી Online Payment થી થયેલ હોયતો E Receipt અને જો ચલણ ધ્વારા ભરેલ હોય તો ચલણની Original નકલ સાથે જોડવી

iii. ઉમેદવારે સ્પીડ પોસ્ટ ધ્વારા સંપૂર્ણ બે પેઈઝનું રજીસ્ટ્રશન ફોર્મ, બીજા પેઈઝ માં ફોટો લગાવી સંસ્થાના સહિ સીકકા સાથે , ફોર્મમાં ટીક કરેલ જરૂરી દસ્તાવેજો સાથે જોડીને જ ફોર્મ મોકલવાનું રહેશે અન્યથા ફોર્મ રદ ગણાશે.

iv. ઉમેદવારે સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલાવેલ ફોર્મની પ્રિન્ટઆઉટ કોપી અને Online દેખાતા ફોર્મમાં જો કોઈપણ માહિતી અલગ હશે તો ફોર્મ રદ ગણાશે. જેથી ઉમેદવારે એકવાર ફોર્મ ભરીને પ્રિન્ટઆઉટ લીધા પછી જો ફોર્મમાં કોઈપણ સુધારા કર્યા હોય તો તે સુધારા બાદની છેલ્લા ફોર્મની પ્રિન્ટઆઉટ કોપી સહિ સીકકા, જરૂરી દસ્તાવેજો સાથે જોડીને જ સ્પીડ પોસ્ટમાં મોકલવી. જો બન્ને અલગ હશે તો ફોર્મ રદ થશે.

v . ઉમેદવારે સ્પીડ પોસ્ટ ધ્વારા જરૂરી દસ્તાવેજો તથા સહી સિકકા સાથે જ ફોર્મ મોકલવાનું રહેશે. **કુરીયર સ્વીકારવામાં આવશે નહી જે અંગેની ખાસ નોંધ લેવી.**

vi . ઉમેદવારે સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલેલ ફોર્મના કવર ઉપર "CCC Exam Form" અને સંપૂર્ણ સરનામું ખાસ લખવાનું રહેશે.

**૨. ઉમેદવારે પોતાનું ફોર્મ સ્પીડ પોસ્ટ ધ્વારા જ દર્શાવેલ પુરાવા સાથે નીચેના સરનામાં પર પહોંચાડવાનાં રહેશે. જો ફોર્મમાં અધૂરી માહિતી, વિસંગતતા કે અપૂરતા દસ્તાવેજ હશે તો તે ફોર્મ રદ ગણવામાં આવશે. જેની આપ નોંધ લેશો. આ માટે કોઈજ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ.**

**પ્રતિ,**
**એડમીશન સેલ, ગર્વમેન્ટ સી.સી.સી.પરીક્ષા**
**ગણિતશાસ્ત્ર વિભાગ ,**
**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ પાટણ – ૩૮૪૨૬૫**

**યુનિવર્સિટીના હેલ્પ સેન્ટર ખાતે ફોર્મ સાથે જમાં કરવાના ડોકયુમેન્ટ્સ નીચે મુજબના હોવા જાઈએ.**

i. ઓરીજનલ રજીસ્ટ્રેશન ફોર્મની ફાઈનલ છેલ્લી પ્રિન્ટઆઉટ કોપી, ઉમેદવારની સહી તથા ફોટો અને HOD ની સહી –સિક્કા સાથે.
ii. E-Receipt / Original bank Chalan Copy .
iii. ઓળખપત્ર ની નકલ (હાલની સર્વિસનું ઓળખપત્ર)
iv. એપોઈન્ટમેન્ટ લેટર,
v. રજીસ્ટ્રશન ફોર્મમાં સીલેકટ કરેલ ID PROOF ની નકલ
vi. કવર ઉપર "CCC Exam Form" સાથેનું સંપૂર્ણ સરનામું લખવાનું રહેશે.

**૩. સ્પીડપોસ્ટ ધ્વારા મળેલ અરજોઓની વેરીફીકેશન પ્રોસેસ યુનિવર્સિટી ધ્વારા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવનાર છે. જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન ફોર્મનું વેરીફીકેશન અત્રેના હેલ્પસેન્ટરથી OK થશે તો તે ઉમેદવારને SMS ધ્વારા SEAT No. ની ફાળવણી થશે .**

**૪. જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફીકેશન પ્રોસેસમાં કોઈપણ કારણોસર રદ થશે તેઓને પણ SMS ધ્વારા જાણ કરવામાં આવશે. ઉમેદવારનું રજીસ્ટ્રેશન ફોર્મ રદ થવાનું કારણ ઉમેદવારે યુનિવર્સિટી ની વેબસાઈટ www.ngu.ac.in પરથી જાણવનું રહેશે.**

**રજીસ્ટ્રેશન ફોર્મ રદ થવાના કરણો**

કારણ નંબર ૧. રજીસ્ટ્રેશન ફોર્મ ની ભરેલ વિગતમાં કોઈ ભૂલ હોય
કારણ નંબર ૨. બેંકની e-receipt જોડેલ ન હોય
કારણ નંબર ૩. ઓળખપત્ર ની નકલ (હાલની સર્વિસનું ઓળખપત્ર) જોડેલ ન હોય
કારણ નંબર ૪. એપોઈન્ટમેન્ટ લેટર ની નકલ જોડેલ ન હોય
કારણ નંબર ૫. રજીસ્ટ્રશન ફોર્મમાં સીલેકટ કરેલ ID PROOF ની નકલ ( આધારકાર્ડ /પાર્નકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/ ચૂંટણીકાર્ડ)

જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન ફોર્મ **કારણ નંબર ૧ થી રીજેકટ થયેલ** હોય તો ઉમેદવારે પોતાના યુઝર આઈડી અને પાસવર્ડથી લોગીન થઈને જે પણ પ્રકારના કારણથી ફોર્મ રદ થયેલ હોય તે ફોર્મ સુધારીને પૂર્તતા કરી ફરીથી ફોટો અને સંસ્થાના સહી સીકકા કરાવીને તે ફોર્મ નીચે દર્શાવેલ સમય તથા સ્થળ પર રૂબરૂમાં જમા કરવવાનું રહેશે.

જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન ફોર્મ **કારણ નંબર ૨ થી ૫ માંથી** કોઈ કારણસર રીજેકટ થયેલ હોય તો ઉમેદવારે પોતાના ખૂટતા જરૂરી દસ્તાવેજોની સાથે લઈને રૂબરૂ નીચે દર્શાવેલ સમય તથા સ્થળ પર રૂબરૂમાં જમા કરવવાનું રહેશે.

**સમય : ફકત દર શનિવારે ( જાહેર તહેવાર સિવાય) બપોરે ૧૨: ૦૦ થી ૨:૦૦**
**સ્થળ: સી.સી.સી.પ્રવેશ એકમ, પ્રથમ માળ, રૂમ નં – ૧૧૯ ગણિતશાસ્ત્ર વિભાગ,**
**હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ જમા કરાવવું.**

**ઉપરોકત રદ થયેલ ફોર્મની પૂર્તતા બાદ વેરીફીકેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.**